# શિક્ષણ વિભાગ

## બ્લોક નં.૫/૭મો માળ, સરદાર ભવન, ગાંધીનગર

## જાહેરાત ક્રમાંક:૦૧/૧૨-૨૦૧૨

## કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ)ની કરાર આધારિત જગ્યાની ભરતી

બ્લોક નં.૫/૭મો માળ, સરદાર ભવન, ગાંધીનગર જાહેરાત ક્રમાંક:૦૧/૧૨-૨૦૧૨ કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ)ની જગ્યા પ્રારંભિક વર્ષ-૧ માટે કરાર આધારિત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વય મર્યાદા | પગાર અને ભથ્થાં | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૦૧ | ૩૫ થી ૪૫ વર્ષ | રૂ.૨૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ | (૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી. (૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ સાત વર્ષનો અનુભવ |

**અન્ય વિગતો :-**

(૧) જગ્યાની ફરજો તથા વ્યક્તિના અનુભવને ધ્યાને લેતાં વય મર્યાદામાં છુટછાટ આપી શકાશે.

(૨) ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષા ઉપરનું પ્રભુત્વ ઈચ્છનીય.

(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં **Enrolment** હોવું ફરજીયાત.

(૪) CCC+ ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ અથવા તેના સમકક્ષનું કોમ્પ્યુટરનું જ્ઞાન હોવુ જોઈએ.

(૫) અરજી પત્રકનો નમૂનો તથા કરારની શરતો અને બોલીઓ શિક્ષણ વિભાગની વેબસાઈટ **http://gujarat-education.gov.in** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

(૬) અરજી પત્રક સાથે "ઉપ સચિવ" શિક્ષણ વિભાગ, ગાંધીનગરના નામનો રૂ.૧૦૦/-નો **Demand Draft** મોકલવાનો રહેશે.

(૭) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦ માં "સંયુક્ત સચિવ" (મહેકમ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

## કાયદા અધિકારી તરીકેની નિમણૂંક બાબતે અન્ય બોલીઓ અને શરતો

૧. તેઓની આ નિમણૂંક તેઓ જે તારીખે ફરજ પર હાજર થાય તે તારીખથી એક વર્ષની મુદત માટેની રહેશે.

૨. નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર બંને પક્ષો એક માસની નોટીસ આપીને આ નિયુકિતનો અંત લાવી શકશે.

૩. તેઓને રૂ. ૨૦,૦૦૦ના એકત્રિત વેતન પર કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહીં.

૪. કરારના સમયગાળા દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં તથા મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા બીજા લાભો મળવાપાત્ર થશે નહિં.

૫. કરાર દરમ્યાનની નોકરી બદલ પેન્શન , બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ,પેશગી કે તેવા અન્ય નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

૬. કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાંકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૮. તેઓએ સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજ બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તેવા અધિકારીઓ માટે કચેરીમાં ફરજ પાલન માટે જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કરાર આધારિત અધિકારીએ પણ કચેરીમાં હાજરી આપવાની રહેશે.

૯. તેઓને ઉકત સમય દરમ્યાન માસિક-૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

૧૦. તેઓએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં. સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.

૧૧. તેઓને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.

૧૨. તેઓને ગુજરાત સીવીલ સર્વિસીસ(કન્ડકટ) ૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૩. તેઓએ તેઓને મળનાર એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનો બોન્ડ આપવાનું રહેશે.

૧૪. તેઓએ દર મહિને કેટલા કેસોમાં હાજર રહ્યા, કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુધ્ધ ચૂકાદા આવ્યા તેની કોર્ટ કેસવારની ચોક્કસ માહિતી અગ્ર સચિવશ્રી (શિ)ને અચૂક રજુ કરવાની રહેશે.

૧૫. સદર ઠરાવ રવાના થયા તારીખથી દિન-૭ માં શિક્ષણ વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણુંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# અ ર જી પ ત્ર ક

| ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો સહી સાથે |
|---|

પ્રતિ,
સંયુક્ત સચિવશ્રી (મહેકમ),
શિક્ષણ વિભાગ, સચિવાલય,
બ્લોક નં.૫/૭મો માળ, સરદાર ભવન,
ગાંધીનગર.

વિષય: કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ)ની કરાર આધારિત જગ્યા માટે
ઉમેદવારી નોંધાવવા બાબત.

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું પુરૂ નામ | |
| | | અટક નામ પિતા/પતિનું નામ |
| ૨. | પત્ર વ્યવહારનું સરનામુ | |
| | | |
| | | |
| ૩. | જન્મ તારીખ | |
| ૪. | ઉંમર (તા.૦૧-૧૨-૨૦૧૨ના રોજ) | |
| ૫. | શૈક્ષણિક લાયકાત | |

| ક્રમ | પદવી | માન્ય યુનિવર્સિટીનું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ટકા/વર્ગ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

| | | |
|---|---|---|
| ૬. | અન્ય લાયકાત | |
| | | |
| | | |
| ૭. | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રીશન કરાવ્યા તારીખ | |
| ૮. | અનુભવ | |
| | | |
| | | |

**બાહેંધરીપત્ર**

આથી હું ................................................................ જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો સંયુક્ત સચિવશ્રી (મહેકમ), શિક્ષણ વિભાગનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

.................................................

**અરજી કર્યા તારીખ :** **ઉમેદવારની સહી**